| | | |
|---|---|---|
| | **જનસંપર્ક અધિકારી,**<br>**પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર**<br>**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**<br>**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦** | |

**તા.૦૭/૦૪/૨૦૨૫ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૭૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૧૬૦ લીટર દેશી દારૂ, ૧૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૪ બિયર ટીન, ૧ સ્કુટર અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૨,૩૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૭૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૩૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૪૭૩/૨૦૨૫**

**અમરાઈવાડીઃ** અશ્વિનાબહેન વા/ઓ શુભમભાઈ પરમાર (ઉ.વ.૩૦) (રહે. ગુપ્તાશેઠની ચાલી શ્રવણનગરની બાજુમાં જોગેશ્વરી રોડ અમરાઈવાડી તથા હાલ રહે. યોગેશ્વર કૃપા કાકડીયા હોસ્પિટલ સામે બાપુનગર) એ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૪/૨૦૨૫ રાતના ૮/૩૦ થી તા.૦૬/૦૪/૨૦૨૫ સવારના ૧૧/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન અમરાઈવાડી જોગેશ્વરી રોડ શ્રવણનગરની બાજુમા ગુપ્તાશેઠની ચાલી મ.નં-૫ ના પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીઓમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૯૩,૫૦૦/- તથા રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૪૩,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.એચ.મકવાણા ચલાવે છે.

**વિજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૪૭૪/૨૦૨૫**

**વટવાઃ** વિનય સ/ઓ મદનલાલ (ઉ.વ.૩૦) (રહે. બ્લોક નં-સી/જી/૧ વેદિકા એપાર્ટમેન્ટ આકૃતિ ટાઉનશીપ નારોલ) નાઓ ઈલેક્ટ્રીશ્યનનું કામ કરતા હોઈ તા.૦૬/૦૪/૨૦૨૫ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે ઘોડાસર વનદેવી બંગ્લોઝની અંદર વનદેવી રો-હાઉસ ખાતે એરકુલર રિપેર કરવા ગયા હતા, જ્યાં એરકુલર રીપેર કરતા હતા ત્યારે વિજ કરંટ લાગતા તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રતિપાલસિહ પ્રવિણસિહ ચલાવે છે.

**ડુબી જતા મૃત્યુઃ–** **સમાચાર યાદી નં.૪૭૫/૨૦૨૫**

**નરોડાઃ** પ્રતીક અશોકભાઇ મકવાણા (ઉ.વ.૨૬) (રહે. રાજહંસ ફ્લેટ બી–વોર્ડ મોટવાણીની ગલી કુબેરનગર સરદારનગર અને દિપક ગીરીશભાઇ વાઘેલા (ઉ.વ.૧૯) (રહે. ભીલવાસ દિપાલી ફ્લેટની બાજુમા ચાચર ચોક કુબેરનગર સરદારનગર) તા.૦૬/૦૪/૨૦૨૫ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે ગોબરેશ્વર મહાદેવ મંદિર પાછળ સાબરમતી નદીના પટમાં ન્હાવા ગયા હતા હતા દરમ્યાન પગ લપસી પડતા પાણીમાં પડતા ડૂબી જતા બંનેનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી પી.જે.જોરા ચલાવે છે.

**ભુલથી એસીડ પી લેતા મૃત્યુઃ–** **સમાચાર યાદી નં.૪૭૬/૨૦૨૫**

**વેજલપુરઃ** અલાઉદ્દીન સ/ઓ માખણભાઇ સમા (ઉ.વ.૩૫) (રહે. તાહીર રો–હાઉસ જુનીયર પાર્ક રસીના કારખાનાની બાજુમાં જુહાપુરા) તા.૩૦/૦૩/૨૦૨૫ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોડામા બોટલમા સરબત રાખેલ હતો તે પીવા જતા ભુલથી એસીડની બોટલ હાથમા આવી જતા ભુલથી થોડું એસીડ પી લીધું હતું. સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૫/૦૪/૨૦૨૫ સાંજના ૬/૩૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સંજયસિંહ ભક્તિસિંહ ચલાવે છે.

**અપમૃત્યુઃ–** **સમાચાર યાદી નં.૪૭૭/૨૦૨૫**

**વસ્ત્રાપુરઃ** હેબતપુર ગામ કેન્સર હોસ્પીટલ સામે લેબર કોલોની ખાતે રહેતા અને રત્ના કંન્સટ્રકશન કંપનીમા એસ.જી.હાઇ–વે થલતેજ સ્કાય–૧૦૦ નામની નવી બનતી બિલ્ડીંગ ખાતે મજુરી કામ કરતા વિનોદ મણીલાલ તાબીયાર (ઉ.વ.૧૯) (મુળ વતન. ગામ–કેશરપુરા તા–અર્થુના જી–બાસવાડા રાજસ્થાન) તા.૦૬/૦૪/૨૦૨૫ સવારના ૮/૩૦ વાગ્યાના સુમારે એસજી હાઇવે થલતેજ સ્કાય–૧૦૦ નામની નવી બનતી બિલ્ડીંગના કોઈપણ માળથી નિચે પડતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઈ.શ્રી સેજલબહેન લક્ષ્મણભાઈ ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૪૭૮/૨૦૨૫**

**નિકોલઃ** ટીંકલબહેન ડો/ઓ અશોકભાઇ શ્રીમાળી (ઉ.વ.૨૩) (રહે. વણકરવાસ નિકોલ ગામ મોટી મસ્જીદ સામે નિકોલ ગામ નિકોલ) એ  અગમ્ય કારણસર તા.૦૬/૦૪/૨૦૨૫ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને નિકોલ અનંતા હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.વી.બારીઆ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી